વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરની યુક્રેન અને પોલેન્ડ ગણરાજ્યની મુલાકાત (03-05 સપ્ટેમ્બર, 2026)

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર 3-5 સપ્ટેમ્બર 2026 દરમિયાન યુક્રેન અને પોલેન્ડ ગણરાજ્યની સત્તાવાર મુલાકાત લેશે.

2. તેમની મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રી યુક્રેનના વિદેશ મંત્રી એન્ડ્રી સિબિહા અને પોલેન્ડના નાયબ પ્રધાનમંત્રી તથા વિદેશ મંત્રી રાડોસ્લાવ સિકોર્સ્કી સાથે દ્વિપક્ષીય પરામર્શ કરશે.

3. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવાનો રહેશે અને તે પ્રાદેશિક વિકાસ તથા પરસ્પર હિતના મુદ્દાઓ અંગેના વિચારોનું આદાન-પ્રદાન કરવાની તક પણ પૂરી પાડશે.

નવી દિલ્હી

02 સપ્ટેમ્બર, 2026